# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
# ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**<u>અખબારી યાદી</u>** **તા. ૧૧–૨–૨૦૧૦**

- **રાજય સરકારના બેજવાબદાર પ્રવકતા મંત્રીશ્રીઓના કાર્બન ક્રેડિટ અને ગેસ આધારીત વિજ મથક કન્વર્ઝનનો નિર્ણય નથી થયો તે વાત સદંતર જુઠ્ઠાણી છે તેમ G.P.P.C અને સ્વાન એનર્જીની જાન્યુઆરી–૨૦૧૦ની પ્રેસનોટમાંથી પર્દાફાશ**
- **G.P.P.C. અને સ્વાન એનર્જીની તા.૨૦.૧.૨૦૧૦ , તા.૨૨.૧.૨૦૧૦ની પ્રેસનોટની નકલો પ્રેસ અને મિડીયાને રજુ કરતા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ**
- **G.P.P.C અને સ્વાન એનર્જીની પ્રેસનોટમાંથી સ્પષ્ટ થાય છે કે, હયાત કોલસા આધારીત પાવર સ્ટેશનોને ગેસ આધારીત કરાશે અને ૧૩.૨ મિલીયન યુનિટ કાર્બન ક્રેડિટ મળશે જેનો ૭૦% હિસ્સો સ્વાન એનર્જીને મળી જશે.**
- **કોંગ્રેસે ઉપસ્થિત કરેલા G.P.P.C ના કૌભાંડના એકપણ પ્રશ્નનો જવાબ કે ખુલાસો રાજય સરકાર આપી શકી નથી.**

ગઈકાલે રાજય સરકારના પ્રવકતા મંત્રીશ્રીઓએ **G.S.P.C** પીપાવાવ પાવર કંપનીના રૂા.૧૪,૨૯૬ કરોડના કૌભાંડથી લાભો આપવાના સંદર્ભમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે કોલસા આધારીત વિજ મથકોને ગેસ આધારીત કરવા કન્સલટન્ટ નીમ્યા નથી. કાર્બન ક્રેડિટની વાત ધડ માથા વગરની છે આની સામે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આજે ગુજરાત સરકારના જ **G.S.P.C** દવારા અપાયેલી તા.૨૨.૧.૨૦૧૦ની પ્રેસનોટ તથા સ્વાન એનર્જી દવારા તા.૨૦.૧.૨૦૧૦ની અપાયેલી પ્રેસનોટની નકલો પ્રેસ અને મિડીયાને રજુ કરી હતી.આ પ્રેસનોટમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરાયો છે કે, સ્વાન એનર્જી સાથે થયેલા કરારો મુજબ રૂા.૩૮૧ કરોડમાં ૪૯%**G.P.P.C** ને સ્વાન એનર્જીને આપી દેવામાં આવશે અને ૭૦% **C.E.R.s** (કાર્બન ક્રેડિટ) સ્વાન એનર્જીને આપી દેવામાં આવશે. આ સ્વયં સ્પષ્ટ છે કે, કાર્બન ક્રેડિટનો ૭૦% હિસ્સો આપી દેવાનો નિર્ણય થયેલો છે. આજ પ્રેસનોટમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ થયેલો છે કે, **G.P.P.C** હયાત કોલ આધારીત પાવર સ્ટેશનોને ગેસ આધારીત કન્વર્ટ કરશે. આ બન્ને પ્રેસનોટ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, કાર્બન ક્રેડિટ મળવાની છે અને ૭૦% હિસ્સો સ્વાન એનર્જીને પધરાવી દેવાનો છે. જેની કિંમત ૧૨,૦૦૦ કરોડ રુપિયા થાય છે. જે ગણતરી પણ **G.P.P.C** અને સ્વાન એનર્જીની પ્રેસનોટના જાહેર આંકડાઓ મુજબની છે. આ સ્પષ્ટ બનાવે છે કે, રાજય સરકારના બેજવાબદાર પ્રવકતા મંત્રીશ્રીઓએ સમગ્ર કૌભાંડને મુખ્યમંત્રીશ્રી વતી છાવરી રહયાં છે. જો સરકારના પ્રવકતા મંત્રીશ્રીઓના કહયા મુજબ કાર્બન ક્રેડિટનો ૭૦% સ્વાન એનર્જીને આપવાનો નિર્ણય ન થયો હોય અને આમછતાં **G.P.P.C** અને સ્વાન એનર્જી પ્રેસનોટ ઈસ્યુ કરતી હોય તો

સરકારે આ મુદદા પર જુઠ્ઠાણું ફેલાવતી સ્વાન એનર્જી સાથે કરારો તોડી નાખવા જોઈએ અને પ્રજાને ગુમરાહ કરી માર્કેટમાંથી પૈસા પડાવવાના પ્રયત્નો બદલ પોલીસ કેસ કરવો જોઈએ.

ગુજરાત સરકારની જ કંપની G.I.P.C.L.કે જે માત્ર ૫૬૦ મેગાવોટ વિજળી પેદા કરે છે અને જુની કંપની છે. તેમજ તેને કાર્બન ક્રેડિટ મળવાની નથી છતાં તેની કિંમત રુા.૧૬૦૦ કરોડ થતી હોય તો ૧૦૫૨ મેગાવોટ વિજળી ઉત્પાદન કરનારની અદ્યતન પાવર પ્રોજેકટ કે જેમાં કાર્બન ક્રેડિટ મળવાની છે. તેની કિંમત માત્ર ૭૭૦ કરોડ કેવી રીતે થાય? આ બાબત જાહેર કરી નથી.

ગામડાનો સરપંચ રુા.૫૦૦૦/–ની ખરીદી કરે અને જો ટેન્ડર વગર ખરીદી કરે તો તેને સસ્પેન્ડ કરવામાં આવે છે. જયારે અહીં રુા.૧૪,૨૯૬ કરોડ રુપિયાનો વહીવટ કોઈપણ જાતના ટેન્ડર કે સ્પર્ધાત્મક બીડ વગર સરકારે શા માટે કર્યો?તેનો કોઈ જવાબ રાજય સરકારના બેજવાબદાર પ્રવકતા મંત્રીશ્રીઓએ ગઈકાલે પોતાના ખુલાસામાં કેમ નથી કર્યો ? કોંગ્રેસ તરફથી ગઈકાલે પૂછેલા નીચેના પ્રશ્નોમાંથી એકપણ પ્રશ્નનો જવાબ શા માટે અપાયો નથી. જે પ્રશ્નો નીચે મુજબના છે.

૧: આ પ્રોજેકટનું વેલ્યુએશન કોણે કર્યુ?

૨: પ્રોજેકટની ઈકિવટી વેચતા પહેલાં ટેન્ડરની પ્રક્રિયા કોમ્પીટિટિવ પ્રક્રિયા કઈ રીતે કરી અને કેટલી કંપનીઓનો સંપર્ક ઈકિવટી વેચતા પહેલાં કર્યો?

૩: સ્વાન એનર્જીની પસંદગી કરવા માટેના કારણો શું છે?

૪: જાહેર સાહસોની ઈકિવટી જાહેર માર્કેટમાં બીડીંગ પ્રક્રિયાથી પારદર્શક રીતે વેચવાની પ્રસ્થાપિત પ્રણાલિકા હોવા છતાં બંધ બારણે વહીવટ કેમ કર્યો?

૫: સ્વાન એનર્જી અને સરકાર વચ્ચે કરારો શું છે?

૬: G.I.P.C.L કે જે રાજય સરકારનું સાહસ છે અને તેની કેપેસીટી ૫૬૦ મેગાવોટની છે જે અત્યંત જુનું હોવાછતાં તેનું વેલ્યુએશન ૧૬૦૦ કરોડ રુપિયા કરવામાં આવ્યું છે તો પછી G.P.P.C કે જે અદ્યતન યુનિટ છે અને ૧૦૫૨ મેગાવોટ ઉત્પાદન કરવાનુ છે તેમજ કાર્બન ક્રેડિટ પણ મળવાની છે તેના વેલ્યુએશનના ૪૯% માત્ર ૩૮૧ કરોડમાં સ્વાન એનર્જીને કેવી રીતે વેચી દીધી?

૭: સ્વાન એનર્જીએ ૪૯% કંપનીમાં હિસ્સો ખરીદેલો હોવા છતાં કાર્બન ક્રેડિટ ૭૦% શા માટે કરવામાં આવી છે?

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(એસ.આઈ.શેરવા)
અંગત સચિવ

GPPC
GSPC Pipavav Power Company Limited

# GSPC PIPAVAV POWER COMPANY LIMITED
## Udyog Bhawan, Gandhinagar

**PRESS RELEASE**

## First 'Carbon credits' linked equity investment finalized in a unique public-private partnership for power project in Gujarat.

Gandhinagar, January 22, 2010.

GSPC Pipavav Power Co. Ltd. (GPPC) shareholders signed a formal Shareholders' Agreement amongst themselves and the company GPPC. As per the terms of the Agreement Gujarat State Petroleum Corporation Limited (GSPC), Gujarat Power Corporation Limited (GPCL) and SWAN Energy Limited (SEL) shall be the shareholders with 34%, 17% and 49% shareholding respectively.

This Agreement is a unique financing structure wherein a private sector investor has agreed to invest at premium for promoting public sector power project resulting in reduced green house gas emissions. As per the Agreement, SEL shall pay Rs.381 Crores as value of shares for 49% stake in GPPC and, in turn, GPPC and its other shareholders have agreed to assign 70% of CERs to be generated from GPPC project to SEL.

GPPC is in the process of establishing a new 702 MW gas based power project at Pipavav in Gujarat. This project will be eligible for generating CERs (carbon credits) upon its operations, for first ten years of operation, as per approved methodology AM0029 of UNFCCC for CDM projects.

GPPC project has achieved financial closure and is under implementation. The EPC contract was awarded to BHEL and the scheduled commissioning date of the project is December, 2010. GPPC has already received necessary approvals, including environment clearance, for expanding its capacity to 1050 MW.

GPPC have appointed M/s Ernst &Young as their advisors for CER registration process. The PDD has been prepared and 'Host country approval' has also been given. M/s TUV-Nord have been appointed as the validators for the PDD. The process of validation shall now be started since the Shareholders' Agreement is signed where SEL has agreed to fund equity of GPPC project in view of its CER potential.

As per the AM0029 methodology, the number of CERs that GPPC project can generate has been estimated to be 1.2 million per year by E&Y in the PDD.

*For more information, please contact: Mr. K Prakash 9825036016*

— SWAN Press note

20-1-2010

## PRESS NOTE

## First 'Carbon credits' linked equity investment finalized in a unique public-private partnership for power project in Gujarat

GSPC Pipavav Power Co. Ltd. (GPPC) shareholders today signed a formal Shareholders' Agreement amongst themselves and the company GPPC. This Agreement is a unique financing structure wherein a private sector investor has agreed to invest at premium for promoting public sector power project resulting in reduced green house gas emissions. As per the terms of the Agreement Gujarat State Petroleum Corporation Limited (GSPC), Gujarat Power Corporation Limited (GPCL) and SWAN Energy Limited (SEL) shall be the shareholders with 34%, 17% and 49% shareholding respectively.

GPPC is in the process of establishing a new 702 MW gas based power project at Pipavav in Gujarat. This project will be eligible for generating CERs (carbon credits) upon its operations, for first ten years of operation, as per approved methodology AM0029 of UNFCCC for CDM projects.

As per the Agreement, SEL shall pay Rs.381 crores as value of shares for 49% stake in GPPC and, in turn, GPPC and its other shareholders have agreed to assign 70% of CERs to be generated from GPPC project to SEL.

GPPC project has achieved financial closure and is under implementation. The EPC contract was awarded to BHEL and the scheduled commissioning date of the project is December,2010.

GPPC has already received necessary approvals, including environment clearance, for expanding its capacity to 1050 MW.

GPPC have appointed M/s Ernst &Young as their advisors for CER registration process. The PDD has been prepared and 'Host country approval' has also been given. M/s TUV-Nord have been appointed as the validators for the PDD. The process of validation shall now be started since the Shareholders' Agreement is signed where SEL has agreed to fund equity of GPPC project in view of its CER potential.

As per the AM0029 methodology, the number of CERs that GPPC project can generate has been estimated to be 1.2 million per year by E&Y in the PDD.

SEL is, also, in the process of developing a floating LNG terminal at Pipavav. SEL have proposed to integrate their LNG terminal with GPPC project for cold energy recovery which will result in increased capacity and improved fuel efficiency of GPPC power project.

GPPC has, also, received approval from the state Government to convert three existing coal and FO based plants to gas based power plants to reduce green house gas emissions. The conversion project will create about 3600 MW gas based combined cycle generation facility and such conversion is expected to result in generation of about 10 million CERs per year. This conversion project, when implemented, will be one of the world's largest CDM projects.